# ધાનેરા વિસ્તારમાં શરેઆમ લીલા વૃક્ષોનું નિકંદન

## ધાનેરાના અધિકારીઓને શો મિલ માલિકો દ્વારા લાખો રૂપિયા દિવાળી બોનસ અપાય છે : લોકોનો આક્ષેપ

ધાનેરા, તા. ૪

બનાસકાંઠા ના ધાનેરા સહીત સમગ્ર જીલ્લા લીલા વૃક્ષો નું નિકંદન કઠાવાનું ષડ્યંત્ર ચાલી રહ્યું છે તંત્ર નીકળે છે ધાનેરા ના તમામ અધિકારીઓ ને ખબર છે છતાં પણ તેમની સામે કોઈ પણ જાત ની કાર્યવાહી કરવામાં નથી આવતી અકસ્માત ની તો ધાનેરા વિસ્તાર માં છેલ્લા ૧૦ મહિનાની વાત કરવામાં આવે તો ૧૦ મહિનામાં લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર દ્વારા ૨૦ થી વધારે


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

મળી રહી છે કે ધાનેરા શો મિલ એશોશીયેશન દ્વરા લાખો ની સંખ્યામાં પૈસા ઉઘરાવી અધિકારીઓ ને દિવાળી બોનસ આપી છે જેથી ધાનેરાનો એકપણ અધિકારી લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર નહિ પકડે કે તેની સામે કોઈ પણ જાત ની કાર્વાહી પણ નહિ કરે જો આ વાત સત્ય હોય તો શરમ જનક કહેવાય લોકોએ તો અધિકારીઓ પર દિવાળી બોનસ લીધાનો આરોપ લગાવ્યો છે પણ હવે અધિકારીઓ એ પૈસા નથી લીધા તેવું સાબિત કરવા માટે લીલા વૃક્ષો નું નિકંદન કાઢનાર સામે લાલ આંખ કરવી જ પડશે અને લીધા હશે તો લીલા વૃક્ષો નું નિકંદન કાઢનાર સામે કોઈ જાત ની કાર્યવાહી



દ્વારા ચુપચાપ તમાશો જોવા માં આવે છે એક બાજુ સરકાર દ્વારા કરોડો ના ખર્ચે વૃક્ષા રોપણ કાર્યક્રમ કરવામાં આવે છે તો biji તરફ તંત્રના કેટલાક હજ્ઞાખાઉ અધિકારીઓ પોતાના હજ્ઞા ની લાયમાં લીલા વૃક્ષો નું નિકંદન કથાવી રહ્યા છે છતાં પણ તંત્ર દ્વારા તેમની સામે કોઈપણ જાતની કાર્યવાહી ન થતા ધાનેરાના પર્યાવરણ -મીઓ તેમની સામે લડીલેવાના મુડમાં આવ્યા છે અને આ બાબતે હાઈકોર્ટ માં ફરિયાદ દાખલ કરવાની પણ તજવીજ હાથ ધરી રહી છે.

હવે જો વાત કરવામાં આવે ધાનેરા ની તો ધાનેરા વિસ્તાર માં રાત્રીના સમયે ધાનેરાના જાહેર માર્ગ જેવાકે થરાદ હાઈવે, ડીસા હાઈવે, નેનાવા હાઈવે પર ૫૦ થી વધારે લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર આટલુજ નહિ લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર દ્વરા લીલા વૃક્ષો ની સાથે-સાથે લોકોને પણ મોતના ઘાટ ઉતારવામાં આવે છે છતાં પણ તંત્ર દ્વરા કોઈ પણ જાત ની કાર્યવાહી કરવામાં નથી આવતી હવે જો વાત કરવામાં આવે અકસ્માત પણ સર્જવામાં આવ્યા છે જેમાં ૧૦ લોકો મોતને ભેટ્યા છે અને ૨૦ થી વધારે લોકો ઘાયલ પણ થયા છે.

છેલા ઘણા સમયથી ધાનેરામાં ચોરેને ચોટે એકજ વાત જ સાંભળવા થશે નહિ.

હવે જોવાનું એ રહે છે કે ધાનેરા ના અધિકારીઓ એ લાખો રૂપિયા દિવાળી બોનાશ પેટે લીધા છે કે ન નહિ તે તો આવનારો સમયજ બતાવશે.

# દાંતીવાડાના ખેડૂતને અધિકારીઓની નિષ્કાળજીએ બનવું પડ્યું નુકસાનનો ભોગ

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર બોર્ડ જૂથ યોજના પાંચ ખેડૂતોના નુકસાન માટે જ કામ કરે છે : ખેડૂતો

દાંડીવાડા, તા. ૪

દાંતીવાડા ગામના એક ગરીબ ખેડૂતને આજ રોજ પાણીપુરવઠા અધિકારીઓ અને કોન્ટ્રકટરની નિષ્કાળજીએ પોતાના ઉભા પાકમાં નુકસાન ભોગવવું પડ્યું છે, સમગ્ર મામલાને લઈ ખેડૂતોમાં રોષ છવાયો હતો અને પાણી પુરવઠાના

મળતી માહિતીએ દાંતીવાડા ગામમાં સમગ્ર જીલ્લામાંથી ૯૪ જેટલા ગામોને દાંતીવાડા ડેમમાંથી પીવાનું પાણી પૂરું પાડવાના હેતુસર, ગુજરાત પાણીપુરવઠા અને ગટર બોર્ડ જૂથ યોજના પાંચ હેઠળ કરોડોના ખર્ચે પાણી પાઈપ લાઈનો તેમજ મોટા મોટા ટાંકા બનાવવામાં



નાખવામાં આવી પરંતુ ગરીબ ખેડુતોનેજ ઓછુ વળતર આપી રાતના કલાકો સુધી ઉભરાઈ ગયું હતું અને તેનું પાણી માળી દશરથ ભાઈ ડાયાજી ના ખેતરમાં વાવેલા બટાકાના પાકમાં ફરી વળ્યું હતું , અને મોટું નુકસાન થવા પામ્યું હતું , આ મામલે પાણી પુરવઠામાં જાણ કરતા બોદર સાહેબ જગ્યા પર આવી પહોચ્યા હતા અને તેમને નુકસાનનું વળતર આપવા જણાવ્યું હતું, પરંતુ ઉસ્કેરાયેલા ખેડૂતોએ અધિકારી સમક્ષ નુકસાન થયાનો રોષ ઠાલવ્યો હતો, અને જો ફરી નુકસાન થશે તો ગાંધીનગર સુધી રજૂઆત કરવાની ચિંમકી પણ ઉચ્ચારી હતી, અને સાથે એવો દાવો કર્યો હતો કે તમારી આ યોજના લોકોના ફાયદાની ચોકસ છે પરંતુ તમારા જેવા બેવડી નીતિના અધિકારીઓની નિષ્કાળજીએ જ આમો ગરીબ ખેડૂતોને નુકસાન ભોગવવું પડે છે અને નુકસાન નઈ મળેતો મામલદાર સમક્ષ રજૂઆત પણ કરી શું, પરંતુ ઘણી સમજાવટ બાદ ખેડૂતો શાંત થયા હતા.


(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

અધિકારીઓને જાણ કરાઈ હતી, જણના પગલે પાણીપુરવઠા માંથી બોદર સાહેબ આવી પહોચ્યા હતા, અને તેમને ખેડૂતોને માપણી કરી વળતર આપવાની ખાતરી આપી હતી, એકઠા થયેલ ખેડૂતોએ અધિકારી સમક્ષ ફરી જો નુકસાન થશે તો ગાંધીનગર સુધી રજૂઆત કરવાની ચીમકી આપી હતી.

આવ્યા છે, જે સમયે ખેડૂતોના ખેતરોમાંથી પાણીની પાઈપ લાઈનો પસાર કરાઈ ત્યારે પણ તાલુકામાં કેટલાય ખેડૂતોને રાજા સાહી કોન્ટ્રકટરના મનમાની કામમાં નુકસાનો ભોગવવા પડ્યા હતા, અને ત્યારે પણ ખેડૂતોમાં એવી ચર્ચાઓ થવા પામી હતી કે પાઈપ લાઈન નકશા -માણે નથી નુકસાનનો ભોગ બનાવાયા છે, અને અવાર નવાર અધિકારીઓ, કોન્ટ્રકટરો સાથે મળી ખેડૂતો સામે બહેસમાં ઉતરી ચુક્યા છે, અને આવોજ એક નવો કિસ્સો -કાસમાં આવ્યો છે દાંતીવાડા ગામ જોડેના રીફાઈન પ્લાન્ટ જોડેના હેડ ટાંકાને આજે રાત્રીના સમયે ભરવામાં આવ્યું પરંતુ નિષ્કાળજીએ ટાંકું

# સમગ્ર અરવલ્લી જીલ્લામાં ઈદે મિલાદ નિમિત્તે ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યુ



## મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ, બાયડ ખાતે પયગંમબર સાહેબના બાલ મુબારકના દિદાર કરાયા : મોડાસા ખાતે ઝુલુસ માં ૨૫૦૦૦ હજાર જેટલા મુસલમાનો જોડાયા

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૪

સમગ્ર ભારત શહેરમાં ઈસ્લામ ધર્મના સ્થાપક મહોંમ્મદ પયગંબર સાહેબના જન્મ દિવસની ધામધુમથી ઉજવણી કરવામાં આવે છે. આ દિવસને ઈદે મિલાદ તરીકે ઉજવવામાં આવે છે. છેલ્લા કેટલાય દિવસોથી અરવલ્લી જીલ્લાના મોડાસા, બાયડ, મેઘરજ અને માલપુર ખાતે મુસ્લીમો ધ્વારા પયગંબર સાહેબના જન્મ દિવસની ઉજવણીને લઈને મકાનો અને મસ્જીદોને રોશનીથી શણગારવામાં આવી હતી. ત્યારે આજરોજ અરવલ્લી જિલ્લાના મોડાસા, બાયડ, મેધરજ અને માલપુર ખાતે ભવ્ય જુલુસ કાઢવામાં આવ્યુ હતુ અને વહેલી સવારથી જ મસ્જીદ ખાતે પયગંબર સાહેબના બાલમુબારક ના દિદાર કરી મુસ્લીમ ભાઈ બહેનોએ ધન્યતા અનુભવી હતી જયારે આજે મોડાસા ખાતે દાવતે ઈસ્લામી ધ્વારા ભવ્ય જુલુસ કાઢવામાં આવ્યુ હતુ. આ ઝુલુસમાં અંદાજે ૨૫૦૦૦ જેટલા મુસ્લીમો જોડાયા હતા. જયારે આ ઝુલુસમાં તમામ મુસ્લીમો સફેદ કલરના પોષાકમાં નજરે ચડતા હતા ત્યારે એક આગવુ આર્કક્ષણનુ કેન્દ્ર બન્યુ હતું.

## ઈદે મિલાદ પર્વે પ્રાંતિજ રોશનીથી ઝળહળી ઉઠ્યું

પ્રાંતિજ, તા. ૪

ઈસ્લામ ધર્મના સ્થાપક અને શાંતિ, એકતા અને પ્રેમનો સંદેશો આપનાર હજરત મહમંદ પયંગમ્બર સાહેબના જન્મ દિનની પ્રાંતિજ સહિત તાલુકાભરમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

ઈદે મિલાદના પવિત્ર તહેવાર નિમિત્તે પ્રાંતિજની તમામ મસ્જિદોને રોશનીથી શણગારવામાં આવી હતી અને મુસ્લિમ વિસ્તારો અવનવી રોશનીથી ઝળહળી ઉઠ્યા હતા. જ્યારે કુરાને શરીફની તીલાવત તકરીર અને નાત શરીફથી મસ્જિદો ગુંજી ઉઠી હતી, અને તમામ મુસ્લિમ બિરાદરો ઈબાદતમાં મશગુલ બન્યા હતા. પ્રાંતિજની જુમા મસ્જિદની નજીકમાં જ મક્કા મદિના અને અજમેર શરીફની દરગાહની અદલ કલાકૃતિઓએ અલૌકિક આકર્ષણ ઉભુ કર્યુ હતું. આ કલાકૃતિને નિહાળવા મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. શાંતીદૂત એવોર્ડ વિજેતા રઈશભાઈ કસ્બાતી અને તેમના સાથીઓ દ્વારા ઈદેમિલાદના પર્વે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

# મોડાસા તાલુકાના સાકરીયા ગામે થયેલ વૃધ્ધની હત્યા કરનાર આરોપીઓને પોલીસે ઝડપી પાડયા

(સમીર બલોચ /જીતેન્દ્ર પટેલ ધ્વારા)

મોડાસા, તા.૪

અરવલ્લી જિલલા ના મોડાસા તાલુકા ના સાકરીયા



ગામે આજે નજીવી બાબતે બે પરિવારો વચ્ચે તકરાર થતાં આ તકરાર એક ૬૭ વર્ષીય આધેડ ની મોત નુ કારણ બની હતી.

આ અગે પ્રાપ્ત માહીતી અનુ સાર મોડાસા તાલુકા ના સાકરીયા ગામેઆવેલ શાંતીલાલ ના ખેતર નજીક આ જ ગામ ના ઈશ્વરભાઈ, રમેશભાઈ, રણજીતભાઈ અને ભુરાભાઈ પોતાનુ ટ્રેકટર અને ટોલી લઈને આવતા શાંતીલાલે પોતાના ખેતર નજીક કરેલ માટીનો ઢગલો ભરવાની ના પાડતા આ ચારેય આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને શાતીલાલને અપશબ્દો બોલવા માંડયા હતા ત્યારે શાંતીલાલે અપશબ્દો બોલવાની ના પાડતા આ ચારેય આરોપીઓ શાંતીલાલ ઉપર તુટી પડયા હતા અને શાંતીલાલને ગડદાપાટુનો માર મારીને મોત નીપજાવ્યુ હતુ ત્યારે આ બાબતે શાંતીલાલની પત્નીની ફરીયાદના આધારે મોડાસા રૂરલ પી.એસ.આઈ જોરાવરસિંહ ઝાલાએ આ અંગે મોતનુ ગુનો નોધી આ ચારેય આરોપીઓને પકડવાના ચક્રોગતિમાન કર્યા હતા ત્યારે આજ રોજ પોલીસે ૨૪ કલાકના સમયગાળામાં જ આ ચારેય આરોપીઓને પકડી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દીધા હતા.

## પ્રાંતિજના પૌરાણિક રામપુરા ધામે પોષી પુનમ ઉજવાશે

પ્રાંતિજ, તા.૪

પ્રાંતિજના સોનાસણ-રામપુરા મધ્યેના વિસ્તારમાં સાડા સાતસો વર્ષ જુનું જગતજનની માં ખીજડાવાળા વહાણવટી શિકોલરમા મંદિર આવેલ છે. જયાં જગત કલ્યાણીના પ્રાગટય દિન પોષી પુનમે આયોજકો દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષે પણ પોષી પુનમે વર્ષોની પરંપરા મુજબ મંગલા આરતી, પૂજન અર્ચન, નવચંડી યજ્ઞ, ગરબા, અન્નકૂટ દર્શન અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રસંગે પ્રાંતિજ સહિત મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠા, ધોળા, ગાંધીનગરથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ પધારશે.


ઈસ્લામ ધર્મના સ્થાપક મહમદ પયગમ્બરના જન્મદિન ઈદેમિલાદની વડાગામમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતાં.

# ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા છ માસથી એક ડોકટર કામ કરે છે

ધનસુરા, તા.૪

ધનસુરા સામુહિક આરોગ્ય કેન્દ્રમાં છેલ્લા છ માસથી સ્ટાફ ની ભારે અછત વર્તાઈ રહી છે. અને એક ડોકટર ૨૪ કલાક ડોકટરથી માંડી વોર્ડ બોય સુધીની તમામ ફરજો જાતે જ બજાવે છે. ત્યારે સ્થાનિકોએ આ સંદર્ભે અનેક રજૂઆતો કરવા છતાં કોઈ પરિણામ ન આવતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળ્યો છે.

ધનસુરા તાલુકામાં ૩૦ બેડની સુવિધા ધરાવતી એક માત્ર સરકારી હોસ્પિટલ આવેલી છે. જે આસપાસના ગ્રામ્ય વિસ્તારના ગરીબ દર્દીઓ માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ રહી છે. દરરોજ મોટી સંખ્યામાં દર્દીઓ સારવાર અર્થે આવે છે. પરંતુ છેલ્લા છ માસથી ૩ ડોકટરોની જગ્યાએ એક ડોકટર ફરજ બજાવતા હોવાથી સારવાર અર્થે આવતા દર્દીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જયારે બીજી બાજુ જરુરી સ્ટાફના અભાવે વહીવટી કામ પણ ખોરંભે ચઢયું છે. આમ સ્ટાફના અભાવે હોસ્પિટલ તંત્રની સંપૂર્ણ કામગીરી ખોરવાઈ જતા સ્થાનિકોએ આ સંદર્ભે જિલ્લા કલેકટરને લેખિતમાં રજુઆતો કરી છે. તેમ છતાં આજ દિન સુધી કોઈ પણ પરિણામ ન આવતા સ્થાનિકોએ ઉગ્ર રોષ વ્યકત કરી સત્વરે પૂરતા પ્રમાણમાં હોસ્પિટલ સ્ટાફ મુકવા માંગ કરી છે.

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર :
બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ,
એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮,
કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧